રજૂ તારીખ : ૨૮/૦૩/૨૦૧૬
દાખલ તારીખ : ૨૮/૦૩/૨૦૧૬
નિકાલ તારીખ : ૦૧/૧૦/૨૦૨૪

**અમદાવાદનાં એડી.ચીફ મેજિસ્ટ્રેટ (કોર્ટ નં. ૧૦) સાહેબશ્રીની કોર્ટમાં**

ફોજદારી કેસ નં. ૧૫૮૭/૨૦૧૬

આંક નંબર :

ફરીયાદી : શ્રી સરકાર

**વિ.**

આરોપી : **(૧) ભાવનાબેન વા/ઓ ભીખાભાઇ શંકરલાલ દવે,**
રહે. ૧૭૧૨/૧૪૪ ધીરજ હાઉસીંગ મણીનગર.
**(૨) ચન્દ્રીકાબેન વા/ઓ પોપટલાલ ત્રિકમલાલ સોની,**
રહે. ૧૦, ત્રિપદા ફલેટ રાજા ભગત સ્કુલની પાછળ,
મણીનગર અમદાવાદ.

**ગુનો** : ધી ઈ. પી. કો. ની કલમ – ૪૦૬, ૪૧૯, ૪૨૦, ૫૧૧, ૧૧૪ મુજબ.

ફરીયાદી તરફે વિ. વ. શ્રીમતી સુપ્રલ શાહ
આરોપી તરફે વિ.વ.શ્રી

**–// ચૂકાદો //–**

૧. ફરિયાદ પક્ષનાં કેસની ટૂંકમાં વિગત એવી છે કે, તા.૦૩.૦૧.૨૦૦૫ ના કલાક ૧૭.૩૦ વાગે ફરીયાદીની જય અંબે જવેલર્સ નામની દુકાન ૯, સાગર કોમ્પ. જુના વાડજ ખાતે આરોપી નં.૧ ચાંદીની માળા ઉપર સોનાનુ પતરુ ચઢાવેલ આરોપી નં.૨ ની પાસે લઈ આવી ગીરવે મુકવાનુ કહી પોતાનુ ખોટુ નામ આરોપી નં.૧ એ લખાવી રૂા.૧૨,૦૦૦/– મેળવતા ફરીયાદી સોનાની માળા વધુ તપાસતા અંદરથી ચાંદીની હોવાનુ જણાઈ આવેલ જેથી આ કામના બન્ને આરોપણોએ ચાંદીની માળા ઉપર સોનાનુ પતરુ ચઢાવી ખોટા નામે ગીરવે મુકવા આવી ગુન્હો કરેલ હોય,

ભા.દં.સંહિતાની કલમ ૪૦૬, ૪૧૯, ૪૨૦, ૫૧૧, ૧૧૪ મુજબ ગુનો નોંધી તપાસ કરતાં આરોપી વિરૂધ્ધ મળી આવેલ પુરતા પુરાવા આધારે હાલનું ચાર્જશીટ કરેલ છે.

૨. સદર કેસની ઈન્સાફી કાર્યવાહી અન્વયે આગળ ચલાવવામાં આવેલ છે.

૩. ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે અને તેની ઉપર આધાર રાખવામાં આવેલ છે.

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી પંકજ પરષોતમ પટેલની જુબાની | ૦૫ |
| ૨. | ફરીયાદ | ૦૬ |
| ૩. | સાહેદ સુશીલ ચંપાલાલ સોનીની જુબાની | ૦૭ |
| ૪. | પંચ રણ સોમા પટેલની જુબાની | ૦૮ |
| ૫. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૦૯ |

૪. સદર કામે રેકર્ડ પરનો પુરાવો વંચાણે લેતા ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ અન્વયે આરોપી નું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રજુ થયેલ ન હોય નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ દલીલનાં તબકકે દલીલો સાંભળી.

૫. સદર કેસનાં ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે

**-// મુદ્દાઓ //-**

| | |
|---|---|
| **૧.** | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે તા.૦૩.૦૧.૨૦૦૫ ના કલાક ૧૭.૩૦ વાગે ફરીયાદીની જય અંબે જવેલર્સ નામની દુકાન ૯, સાગર કોમ્પ. જુના વાડજ ખાતે આરોપી નં.૧ ચાંદીની માળા ઉપર સોનાનુ પતરુ ચઢાવેલ આરોપી નં.૨ ની પાસે લઇ આવી ગીરવે મુકવાનુ કહી પોતાનુ ખોટુ નામ આરોપી નં.૧ એ લખાવી રૂા.૧૨,૦૦૦/- મેળવતા ફરીયાદી સોનાની માળા વધુ તપાસતા અંદરથી ચાંદીની હોવાનુ જણાઇ આવેલ જેથી આ કામના બન્ને આરોપણોએ ચાંદીની માળા ઉપર સોનાનુ પતરુ ચઢાવી ખોટા નામે ગીરવે મુકવા આવી ગુન્હો કરેલ હોય, ભા.દં.સંહિતાની કલમ ૪૦૬, ૪૧૯, ૪૨૦, ૫૧૧, ૧૧૪ મુજબ ગુનો મુજબનો શીક્ષાપાત્ર એવો ગુનો કરેલ છે ? |
| **૨.** | શું હુકમ ? |

૬. નીચે જણાવેલા કારણોસર ઉપરોકત મુદ્દા પરત્વેનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

(૭) પુરાવાના બોજા અન્વયે પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં અને તે અન્વયેની જોગવાઈઓ ધ્યાને લેતાં.

101. Burden of proof. –– Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

102. On whom burden of proof lies. –– The burden of proof in a suit or proceeding lies on that person who would fail if no evidence at all were given on either side.

103. Burden of proof as to particular fact. ––The burden of proof as to any particular fact lies on that person who wishes the Court to believe in its existence, unless it is provided by any law that the proof of that fact shall lie on any particular person.

104. Burden of proving fact to be proved to make evidence admissible. –– The burden of proving any fact necessary to be proved in order to enable any person to give evidence of any other fact is on the person who wishes to give such evidence.

105. Burden of proving that case of accused comes within exceptions. –– When a person is accused of any offence, the burden of proving the existence of circumstances bringing the case within any of the General Exceptions in the Indian Penal

Code (45 of 1860), or within any special exception or proviso contained in any other part of the same Code, or in any law defining the offence, is upon him, and the Court shall presume the absence of such circumstances.

૮. સદરહુ કામે પડેલ પુરાવાઓ ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષ તરફે આંક– ૦૫ થી ફરીયાદી પંકજ પરષોતમ પટેલ નાઓ જણાવે છે કે, બનાવ ૨૦૦૫ મા બનેલ બનાવ વખતે એક અજાણી સ્ત્રી તેમની પાસે સોના ચાંદીની માળા ગીરવે મુકવા આવેલ અને તેમને સોનામા મીક્સીંગ લાગેલ જેથી તેઓએ ના પાડતા માટે મોટેથી બોલતા હોઇ તેઓએ ફરીયાદ આપેલી તેઓ તેને ઓળખી શકે નહી. ફરીયાદ આંકઃ૦૬ થી રજુ છે.

સદર કામે આંકઃ૦૭ થી સુશીલ ચંપાલાલને તપાસવામા આવેલ છે તેઓ જણાવે છે કે, સને ૨૦૦૫ મા શુ બનેલ તે હાલ યાદ નથી તેઓ કાઇ કહી શકે નહી પોલીસને જવાબ આપેલ નથી. તેમજ આંકઃ૦૮ થી પંચ રમણ સોમા પટેલ નાઓ આંકઃ૦૯ ના ગુનાવાળી જગ્યાને પંચનામાને લેશમાત્ર સમર્થન આપતા નથી.

સદર કામે ફરીયાદ લેનાર પી.એસ.ઓ. તથા તપાસ કરનાર અધિકારીને તપાસવામા આવે તો ફકત કરેલી કામગીરીનો અહેવાલ રેકર્ડ ઉપર આવે અને સમર્થનકારી પુરાવો મુખ્ય પુરાવાના અભાવે ફરીયાદના તત્વો પુરવાર થઇ શકે નહી અને કોઇ ફળદાયી પરીણામ મળે નહી અને અંતે પ્રસ્થાપિત સિધ્ધાતો મુજબ અંતે આરોપીની તરફેણમા શંકાનો લાભ મળે.

**સદર કામે પુરાવાના કાયદાની કલમ અન્વયે સાબીત થયેલાની વ્યાખ્યા ધ્યાને લેતાં**

**420. Cheating and dishonestly inducing delivery of property.**

Whoever cheats and thereby dishonestly induces the person deceived to deliver any property to any person, or to make, alter or destroy the whole or any part of a valuable security, or anything which is signed or sealed, and which is capable of

being converted into a valuable security, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

**419. Punishment for cheating by personation.**

Whoever cheats by personation shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

**406. Punishment for criminal breach of trust.**

Whoever commits criminal breach of trust shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

**511. Punishment for attempting to commit offences punishable with imprisonment for life or other imprisonment.**

Whoever attempts to commit an offence punishable by this Code with imprisonment for life or imprisonment, or to cause such an offence to be committed, and in such attempt does any act towards the commission of the offence, shall, where no express provision is made by this Code for the punishment of such attempt, be punished with imprisonment of any description provided for the offence, for a term which may extend to one-half of the imprisonment for life or, as the case may be, one-half of the longest term of imprisonment provided for that offence, or with such fine as is provided for the offence, or with both.

**Illustrations-**

(a) A makes an attempt to steal some jewels by breaking open a box, and finds after so opening the box, that there is no jewel in it. He has done an act towards the commission of theft, and therefore is guilty under this section.

(b) A makes an attempt to pick the pocket of Z by thrusting his hand into Z’s pocket. A fails in the attempt in consequence of Z’s having nothing in his pocket. A is guilty under this section.

**114. Abettor present when offence is committed.**

Whenever any person, who is absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

<u>સદર કામે પુરાવાના કાયદાની કલમ અન્વયે સાબીત થયેલાની વ્યાખ્યા ધ્યાને લેતાં</u>

“Evidence”. ––“Evidence” means and includes ––

(1) all statements which the Court permits or requires to be made before it by witnesses, in relation to matters of fact under inquiry; such statements are called oral evidence;

(2) 4[all documents including electronic records produced for the inspection of the Court;]

such documents are called documentary evidence.

“Proved”. –– A fact is said to be proved when, after considering the matters before it, the Court; either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists.

“Disproved”. –– A fact is said to be disproved when, after considering the matters before it, the Court either believes that it does not exist, or considers its non-existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it does not exist.

“Not proved”. –– A fact is said not to be proved when it is neither proved nor disproved.

અહીંયા સદર કામે રજુ થયેલ પુરાવો જોતાં આરોપી સામે આક્ષેપીત ગુનાની કલમોના તત્વો સંતોષાતા નથી અને આરોપી સામે કલમોના તત્વો સંતોષાતા ન હોય તેવા સંજોગોમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપીને તકસીરવાન ઠેરવી શકાય. બનાવના સ્થળે આક્ષેપીત કૃત્ય સાથે આરોપીની ઓળખ પ્રસ્થાપિત થતી ન હોય કૃત્ય સાથે આરોપીને જોડતી કડી મીસીંગ થાય છે.

**સદર કામે સાહેદોએ આપેલો પુરાવો અને વિશ્વસનીયતા બાબતે પુરાવાના કાયદાની કલમો ધ્યાને લેતાં,**

155. Impeaching credit of witness. – The credit of a witness may be impeached in the following ways by the adverse party, or, with the consent of the Court, by the party who calls him: –
(1) by the evidence of persons who testify that they, from their knowledge of the witness, believe him to be unworthy of credit; o to give his evidence;
(3) by proof of former statements inconsistent with any part of his evidence which is liable to be contradicted;
Explanation. –– A witness declaring another witness to be unworthy of credit may not, upon his examination-in-chief, give reasons for his belief, but he may be asked his reasons in cross-examination, and the answers which he gives cannot be contradicted, though, if they are false, he may afterwards be charged with giving false evidence.
156. Questions tending to corroborate evidence of relevant fact, admissible. –– When a witness whom it is intended to corroborate gives evidence of any relevant fact, he may be questioned as to any other circumstances which he observed at or near to the time or place at which such relevant fact occurred, if the Court is of opinion that such circumstances, if proved, would corroborate the testimony of the witness as to the relevant fact which he testifies.

157. Former statements of witness may be proved to corroborate later testimony as to same fact. –– In order to corroborate the testimony of a witness, any former statement made by such witness relating to the same fact at or about the time when the fact took place, or before any authority legally competent to investigate the fact, may be proved.

158. What matters may be proved in connection with proved statement relevant under section 32 or 33. ––Whenever any statement, relevant under section 32 or 33, is proved, all matters may be proved either in order to contradict or to corroborate it, or in order to impeach or confirm the credit of the person by whom it was made, which might have been proved if that person had been called as a witness and had denied upon cross-examination the truth of the matter suggested.

**સાહેદોની જુબાની અને નિવેદન વાસ્તવીક સંજોગોમાં આક્ષેપીત ગુના સાથે સાંકળતા**

જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહીતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામા આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામા આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો, તે તમામે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. નામદાર સવોચ્ચ અદાલતે ૨૦૦૦ સુપ્રિમ કોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ) સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરુધ્ધ લેખરાજના ચુકાદામા ઠરાવ્યા મુજબ જયારે કોઈ ફોજદારી કેસમા કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમ જ ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામા આવેલ પુરાવાનુ મુલ્યાંકન

કરવાનું હોય ત્યારે તેમા વિરોધાભાષ, અતીરેકના કારણે ફરિયાદ પક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે કયારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી ના બેસે.

It is also our experience that invariably the witness add embroidery to prosecution story perhaps for the fear of being disbelieved, but that is not the ground to throw the case overboard, if true in main. If there is ring of truth in the main,the case should not be rejected.

નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામા એવું પણ જણાવેલ છે કે ફરિયાદ પક્ષ ધ્વારા રજૂ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવીકતા ને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનીકલ કારણોસર આખોય પુરાવો ડીસકાર્ડ કરવો જોઈએ નહીં. સાહેદે આપેલી જુબાની કઈ પરીસ્થિતિમા આપેલ છે કઈ પરીસ્થિતિમા બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમા જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ. જે માટે ફરિયાદ પક્ષે નીચે મુજબના સાહેદોનો પુરાવો રજૂ કરેલ છે. ત્યારે ફરિયાદ પક્ષે આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો રેકર્ડ પરથી શંકાથી પર સાબિત કરવાના રહે છે.

સદર કામે સાહેદએ આપેલ પુરાવો ધ્યાને લેતાં સાહેદોએ તેમના નિવેદન મુજબ બનાવના સ્થળ બાબતે આરોપીના કૃત્ય બાબતે અને બનાવ સ્થળે આરોપીની હાજરી તથા આરોપીના કૃત્ય બાબતે વિશ્ર્વસનીય પુરાવો આપેલ ન હોય, આરોપી સામે શંકાથી પર પુરાવો આવતો ન હોય આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહીં અને આરોપીને બન્ને તરફની શકયતા હોય તેવા સંજોગોમાં આરોપીને શંકાનો લાભ મળવા પાત્ર થાય છે.

૯. ફરીયાદ પક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ થયેલ નથી. આ કામના આરોપી સામે મુકવામાં આવેલ તહોમત સંબંધે રેકર્ડ પર રજૂ થયેલ પુરાવો ધ્યાને લ

ेता साहेदे तेमनी जुबानीमां फरीयादनी हकीकतने समर्थनकारक पुरावो आपता नथी. समग्र बनाव फरीयादीनी फरीयाद परथी उभो थयो होवा छतां खुद साहेदनी जुबानीथी फरीयादनी हकीकतने कोई ज समर्थन मळतु नथी. सदर कामे बन्ने पक्षकारो वच्चे समाधान थई गयेल होय वधु पुरावो लेवामां आवे तो पण कोई फळदायी परीणाम मळे नहिं कारण के मुख्य पुरावो ज आरोपीने गुना साथे जोडतो न होय वधु पुरावो लेवाथी पण कोई हेतु सरतो नथी.

वधुमां नाम. सुप्रीम कोर्टे ए.आई.आर.१९८८ सु.को.७०९ माधवराव जे सींधीया विरुध्ध शंभाजीराव सी.अन्जरेना चुकादानो अभ्यास करता पारा–७ मां ठरावेल छे के It is also for the court to take into consideration any special features which apper in a particular case to consider whether it is expedient and in the interest of justice to permit a prosecution to continue. This is so on the basis that the court cannot be utilized for any oblique purpose and where in the opinion of the court chances of an ultimate conviction are bleak and therefore, no useful purpose is likely to be served by allowing a criminal prosecution to continue, the court may while taking into consideration the special facts of a case also quash the proceeding een though it may be at a preliminary state. उपरोकत चुकादो ए.आई.आर.२०१२ सु.को.७९९ श्रीजी उर्फे पप्पु अने बीजा वि.राधीका अने बीजामां रीफर करवामां आवेल छे. आम, सदर चुकादो वंचाणे लेता तेमां नामदार हाईकोर्ट ध्वारा उचित कीस्सामां कार्यवाहीमां आगळ वधवानु योग्य न जणाय तो फरीयाद कवोश करवा सबंधेनी चर्चा करेल छे.हालनो केस आशरे २२ वर्ष जुनो छे. वधुमां नामदार एपेलेट कोर्टनी वखतो वखतनी स्पीडी ट्रायल चलाववानी गाईड लाईन ध्याने लेता ज्यारे आरोपी ने तकसीरवान ठरावी शकाय तेवा कोई पण चान्स रहेल न होई के शकयता रहेल न होय तो तेवी कार्यवाही आगळ चलाववी ते अदालतना प्रोसेस ना दुरउपयोग समान गणाशे. जेथी फरीयाद पक्ष नो वधु पुरावो नोंधवामां आवेल नथी. वधुमां सदर कामे रेकर्डनी हकीकत जोता हालनी ट्रायल चलाववामा आवे तो पण फरीयाद पक्षे मुकेल तहोमत साबित थतुं नथी

કે તે સિવાયનો કોઈ મહત્વનો પુરાવો મળી આવે તેમ ન હોઈ તેમજ કલમ ૪૧૯ નાં કોઈ આવશ્યક તત્વો સંતોષાતા ન હોય આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ પણ કબજે કરવામાં આવેલ ન હોય આરોપીને તે રીતે લાભ મળે તેવા સંજોગોમા મોહનલાલ વિ. સ્ટેટ ઓફ પંજાબ (સુ.કો) તથા સતીષ મહેરા વિ.દીલ્લી એડમીનીસ્ટ્રેશન નો નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતા જયારે કોર્ટને ફેરલી એવુ લાગે કે કન્વીકશનની કોઈ શકયતા રહેલ નથી ત્યારે ફકત ફોર્માલીટી માટે પ્રોસીજર કમ્પલીટ કરવાની જરૂરત રહેતી નથી.તે તમામ સંજોગો ધ્યાને લેતા, ફરિયાદ પક્ષે રજુ કરવામાં આવેલ આક્ષેપો પુરાવાથી પુરવાર થતા ન હોઈ આરોપી ને શંકાનો લાભ આપી મુકત કરવો ન્યાયોચિત જણાય છે જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

| | |
|---|---|
| **૧.** | આ કામનાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬, ૪૧૯, ૪૨૦, ૫૧૧, ૧૧૪ મુજબનાં શીક્ષાપાત્ર ગુનાનાં તહોમતમાંથી પુરતા પુરાવાનાં અભાવે શંકાનો લાભ આપી મુકત કરવામાં આવે છે. |
| **૨.** | આરોપીએ અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો.કોડ કલમ ૪૩૭(એ) અન્વયે વધુ છ માસ સુધી ચાલુ રાખવામાં આવેલ છે. |

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(જતીનકુમાર શાંતિલાલ શાહ)
તા. ૦૧/૧૦/૨૦૨૪
એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૦, અમદાવાદ
UI Code No.GJ00936